ગુજરાત સરકાર

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)

# સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિ ને ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ યોજનાનું અરજી પત્રક.

ફોટો

| | | | |
|---|---|---|---|
| ૧ | પૂરું નામ | | |
| ૨ | સરનામું | | |
| ૩ | જન્મ તારીખ અને ઉંમર | | |
| ૪ | નાગરિકતા | | |
| ૫ | શૈક્ષણિક લાયકાત | | |
| ૬ | સમાજ કલ્યાણના કયા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરેલ છે. | | |
| ૭ | પ્રવૃત્તિઓ | | |
| ૮ | મેળવેલ સિધ્ધીઓ , પ્રમાણપત્રો | | |
| ૯ | વિશિષ્ટ કામગીરી અને કાર્યક્ષેત્ર | | |
| ૧૦ | કેટલા વર્ષથી પ્રવૃત્તિમાં જોડાયા છે. | | |
| ૧૧ | વિશેષ નોંધ | | |

સ્થળ :

તારીખ : સહી.............

**નોધઃ** અરજીપત્રક મોકલવાની છેલ્લી તારીખ / / છે.

# સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારી વ્યક્તિને ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ આપવાની યોજના

૧) **<u>યોજનાના નિયમો / પદ્ધતિ</u>**

અનુ. જાતિ તથા પછાત વર્ગના લોકોને સામાજિક ન્યાય અને માવન અધિકારો પ્રાપ્ત કરાવવા તથા પછાત વર્ગમાં જાગૃતિ લાવવા અને તેમના જીવનમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરીને રૂઢિગત પ્રથાઓ તથા પ્રણાલિઓ માંથી બહાર લાવી તેઓને શૈક્ષણિક આર્થિક તેમજ સામાજિક ક્ષેત્રે અન્ય સમાજની હરોળમાં તથા આગળ લાવવા યોગદાન આપનાર વ્યક્તિને વ્યક્તિગત ધોરણે ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ આપવામાં આવશે.

૨) **<u>એવોર્ડની શરતો.</u>**

૧) આ એવોર્ડ માટે રૂ.૧,૦૦,૦૦૦/-ની રોકડ રકમ તથા એક પ્રશંસાપત્ર આપવામાં આવશે. એવોર્ડની રકમનું વિતરણ ચેક દ્વારા કરવામાં આવશે.

૨) આ એવોર્ડ મરણોત્તર એવોર્ડ તરીકે આપવામાં આવશે નહી. પરંતુ એવોર્ડ આપવા માટે દરખાસ્ત /ભલામણ રજૂ થયા પછી તેવી વ્યક્તિનું અવસાન થાય તો મરણોત્તર એવોર્ડ આપવામાં આવશે. મરણોત્તર રીતે એવોર્ડ આપવાનો પ્રસંગ ઉપસ્થિત થશે તો , સ્વર્ગસ્થના પતિ /પત્ની તે એવોર્ડ ગ્રહણ કરી શકશે. અને સ્વર્ગસ્થ / સ્વર્ગસ્થાની પતિ પત્ની હયાત ન હોય તો તેમના કાયદેસરના ઉત્તરાધિકારી (વારસદાર) એવોર્ડ ગ્રહણ કરી શકશે.

૩) આ એવોર્ડ ધર્મ, જ્ઞાતિ કે જાતિ ને ધ્યાનમાં લીધા સિવાય સમાજની કોઇપણ વ્યક્તિને આપવામાં આવશે. પરંતુ અનુ.જાતિની વ્યક્તિને આ માટે અગ્રતા આપવામાં આવશે.

૪) આ એવોર્ડ દર વર્ષે આપવામાં આવશે. અને વર્ષ તરીકે નાણાકીય વર્ષ તરીકે ધ્યાનમાં લેવાશે.

૫) છેલ્લા ૧૦ વર્ષમાં વ્યક્તિએ અનુ.જાતિ તથા સમાજના નબળા વર્ગના લોકોના ઉત્કર્ષ માટે આપેલા યોગદાનને એવોર્ડ આપવા માટે ધ્યાન માં લેવાશે. તેમ છતાં આવી વ્યક્તિ ને અગાઉ અનુ. જાતિ સહિત સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે કોઇ મહત્વનું યાદગાર યોગદાન કર્યું હોય તો તે ધ્યાન માં લેવાશે.

૬) **<u>એવોર્ડ માટે ભલામણ કરવાની વિધિ.</u>**

૧) એવોર્ડ માટે નીચે જણાવેલી વ્યક્તિ / સંસ્થાઓ ભલામણ કરી શકશે.

(અ) સમાજ કલ્યાણ તથા સામાજિક કાર્યના ક્ષેત્ર સાથે સંકળાયેલી વ્યક્તિઓ / સંસ્થાઓ

(બ) સંસદ સભ્યો , વિધાનસભા સભ્યો, રાજ્ય ની વડી અદાલતના ન્યાયાધીશો,

(ક) રાજ્ય રાષ્ટ્ર કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એવોર્ડ પ્રાપ્ત કરનારી વ્યક્તિઓ કે વિજેતાઓ સંસ્થાઓ અને સંગઠનો

(ડ) યુનિવર્સિટીના ઉપકુલપતિ

(ઇ) એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ આવા એવોર્ડ આપવા માટે ભલામણ કરવા માટે નક્કી કરે તેવી કોઇ પણ વ્યક્તિ સંસ્થા

૨) કોઇપણ વ્યક્તિ એવોર્ડ માટે પોતાના નામની ભલામણ કરશે તો, તે ધ્યાન ઉપર લેવામાં આવશે નહી . તે જ રીતે એવોર્ડ માટેની વ્યક્તિગત રજૂઆત પણ ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૩) ઉપર જણાવેલ વ્યક્તિ કે સંસ્થા ફક્ત એક જ નામની ભલામણ કરી શકશે.